RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

(ગુજરાતી માસિક)

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૨ ✦ વર્ષ-૭૭ ✦ માસ : મહા-ફાગણ ✦ સંવત-૨૦૮૨ ✦ તા. ૫-૨-૨૦૨૬

વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦ ✦ છુટક નકલ રૂ. ૫=૦૦

તંત્રી : કીર્તન દીક્ષિત



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

**વાલમ બ્રાહ્મણ મહામંડળ ના ૬૦મા અધિવેશન પ્રસંગે નડિયાદ મુકામે મંચસ્થ મહાનુભાવો ડાબે થી જમણે**

શ્રી દેવેન્દ્રભાઈ અંબાલાલ પુરાણી, શ્રી પ્રભાકરભાઈ ગણપતરામ ભટ્ટ, શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લ, શ્રી રશ્મિકાંત કૃષ્ણકાંત આચાર્ય, ડો. કૌશિકભાઈ જમનાશંકર મહેતા, શ્રી ચિન્મય અતુલભાઈ વ્યાસ, સુશ્રી મંદાકીનીબેન શુક્લ, શ્રીમતી પૃથા વિશાલ શુક્લ






નવા વરાયેલ પ્રમુખશ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લનું સન્માન કરતા વિદાય લેતા પ્રમુખશ્રી રશ્મિકાંત કૃષ્ણકાંત આચાર્ય,



સમાજને નવી વેબસાઈટ ફ્રીમાં બનાવી આપી અર્પણ કરનાર શ્રી ચિન્મય અતુલભાઈ વ્યાસનું સન્માન કરતા શ્રી કેયુર શુક્લ

સંનિષ્ઠ જ્ઞાતિ સેવક
સ્વ. જમનાશંકર ધનેશ્વર મહેતાના
સુપુત્ર અને સમારંભના મુખ્ય મહેમાનશ્રી
**ડૉ. કૌશિકભાઈ મહેતાનું**
હિન્દુત્વ અને બ્રાહ્મણત્વ વિશે પ્રેરક ઉદ્‌બોધન.





કુ.આધ્યા હરેન્દ્ર ભટ્ટ નું સન્માન કરતા ડૉ.કૌશિકભાઈ મહેતા




ડૉ.હેમંતકુમાર પંડ્યા નું સન્માન કરતા પ્રમુખ શ્રી રશ્મિકાંત આચાર્ય



શ્રી પાર્થ પુરોહિત નું સન્માન કરતા ચરોતર યુવક મંડળના પ્રમુખ શ્રીમતી પૃથા શુક્લ



ચિ.નિસર્ગ ઉપાધ્યાયનું સન્માન કરતા શ્રી પ્રભાકરભાઈ ભટ્ટ



શ્રી મનોજભાઈ જોશીનું સન્માન કરતા ચિન્મયભાઈ વ્યાસ




પ્રતિમાબેન જયપ્રકાશ શુક્લનું સન્માન કરતા પ્રમુખ શ્રી રશ્મિકાંતભાઈ



છોટે ધોની ચિ. પદ્મ ધ્રુપદ પુરોહિતનું સન્માન કરતા તંત્રીશ્રી કિર્તનભાઈ દીક્ષિત



વેબસાઈટ લોકાર્પણ પ્રસંગે ડાબેથી શ્રી હિમાંશુ પંડ્યા, કીર્તન દીક્ષિત, નિત્યમ દીક્ષિત, જય જોશી, કન્વીનર શ્રી અપૂર્વ પંડ્યા તથા વેબસાઈટ અર્પણ કરતા શ્રી ચિન્મયભાઈ વ્યાસ



અધિવેશન પ્રસંગે મંચ સંચાલન કરતા ટ્રસ્ટી શ્રી દિલીપભાઈ જોશી તથા શિક્ષણ કમિટીના કન્વિનર શ્રી નિલેશ શુક્લ

-: પ્રમુખ :-
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
-: કન્વીનર છાત્રાલય કમિટી:-
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
-: વ્યવસ્થાપક છાત્રાલય :-
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
-: કન્વીનર શિક્ષણ કમિટી :-
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
-: કન્વીનર વેબસાઈટ કમિટી :-
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોશી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેશભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોશી
મો. ૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી.....



૧૯૪૭ માં શરૂ થયેલ આપણું મુખપત્ર **વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન**ના નામથી પ્રસિદ્ધ થાય છે; જેનું સુકાન આપ સર્વે જ્ઞાતિજનો એ મારા ઉપર વિશ્વાસ મૂકી સોંપેલ છે ત્યારે પ્રથમ વખત તંત્રીસ્થાનેથી **વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન** પ્રકાશિત કરવા જઈ રહ્યો છું. છેલ્લા બે દશક થી આ અંક છાપનાર ફર્સ્ટ આઈકોન પ્રિન્ટર્સ તેના શ્રી અખ્તરભાઈ શેખનો પણ આ તબક્કે આભારી છું. પૂર્વ **તંત્રીશ્રી સ્વ. વિનુકૌશિક જોશી** તથા **સ્વ. નરહરિભાઈ વ્યાસ** તેમજ **શ્રી જયપ્રકાશ શુક્લ**ના કાર્યકાળમાં તેઓશ્રી એ આ અંકના પ્રકાશનમાં ખૂબ સહયોગ આપેલ છે. જયપ્રકાશ શુક્લ ઉપપ્રમુખ થયા તે વખતે સંપાદક તરીકે છેલ્લા કેટલાક અંકોને આખરી ઓપ આપવાની જવાબદારી મને સોંપેલ. મારી ચાલુ નોકરી અને વ્યસ્તતા વચ્ચે શ્રી અખ્તર ભાઈ ઘણી વખત મોડી રાત સુધી બેસીને તેમજ રજાના દિવસોમાં આવી ને પણ અંકનું કામ સુપેરે પાર પાડેલ છે. તેઓના પ્રેસમાં કામ કરતા શ્રી સોલંકીભાઈ તથા હુસેનભાઈનો પણ આ તબ્બકે હું આભાર માનું છું. પરિવર્તન સંસારનો નિયમ છે, એ મુજબ આ પ્રથમ અંક આપણે ગાયત્રી મુદ્રણાલય, દૂધેશ્વર ખાતેથી પ્રકાશિત કરવા જઈ રહ્યા છીએ. ખૂબ ઓછા સમય માં હું જ્યારે સરકારી કામે આજે વલ્લભ વિધાનગરની ભૂમિપર હતો ત્યારે મારી ગેરહાજરીમાં, સમય મર્યાદામાં અંકના પ્રકાશન કાર્યને ઉપાડી લેનાર **સહતંત્રીશ્રી મિતેશભાઈ અધ્વર્યુ**, આ અંકને સુંદર શણગારનાર **શ્રી દિનેશભાઈ દરજી** તથા પ્રથમ વખત છાપનાર **શ્રી પંકજભાઈ પટેલ**નો પણ આભારી છું. રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં મદદરૂપ થનાર **શ્રી અશ્વિનભાઈ રામી**ને પણ આ તબક્કે કેમ ભૂલી શકાય. દેવશંકર ભગતની ત્યાગભૂમિ એવા આપણા છાત્રાલયની મુલાકાત લઈ આજે એની તદ્દન નજીક બેસી આ લખી રહ્યો છું, ત્યારે એક જ નમ્ર અપીલ છે કે આપણે સહુ એ કરેલ સંકલ્પ મુજબ તા. ૦૧/૦૬/૨૦૨૬ સુધીમાં છાત્રાલયનું નવીનીકરણ થઈને કાર્યરત થઈ જાય. સંત પુનિત સંકલ્પિત, દેવશંકર ભગત અનુદાનિત, **સ્વ. રજનીભાઈ પરમાનંદદાસ અધ્વર્યુ** દ્વારા ડિઝાઈન થયેલ તથા પૂર્વપ્રમુખ **સ્વ. રમેશચંદ્ર છોટાલાલ વ્યાસ**ના અથાગ પ્રયત્નોથી સાકાર થયેલ આપણું છાત્રાલય, આપણા સહુની અમૂલ્ય ધરોહર છે. જેનું જતન કરવું એ આપણી સામાજિક ફરજ-જવાબદારી છે. સહુ કોઈ ઉદાર હાથે ફાળો આપી-અપાવી આને નવપલ્લવિત કરીએ; સંકલ્પ સાકર થયેથી રણછોડરાયને ડાકોર ખાતે ધ્વજાજી અર્પણ કરવા જઈએ આવો એક પુનિત વિચાર છે. આપ સહુ પણ એમ સાથ સહકાર આપશો જ એવી ખાતરી છે.

- પુનિત પ્રેમી કીર્તન દીક્ષિતના સર્વેને જય શ્રી કૃષ્ણ

પ્રમુખશ્રીની કલમે...

# નવી ટીમ... નવો જુસ્સો... નવા સંકલ્પ...



ફરી એકવાર બે વર્ષ માટે કારોબારી અને હોદ્દેદારોની નવી ટીમ, નવા જુસ્સા અને નવા સંકલ્પ સાથે કાર્યભાર સંભાળી રહી છે. મહામંડળની પ્રવૃત્તિ અને ઓળખ જ્ઞાતીના પ્રત્યેક કુટુંબ સુધી પહોંચાડવાનું આપણા સૌનું સહિયારું ઉત્તરદાયિત્વ છે. ચાલો ત્યારે, આપણા સકારાત્મક લક્ષના નીચેના મુદ્દાઓ હાંસલ કરવા આપણે સૌ સુપ્રયાસ ટીમવર્કથી આદરીએ.

૧. યુવાનો અને મહિલાઓને મહામંડળ તેમજ જ્ઞાતિ પ્રવૃત્તિમાં જોડવા વિશેષ વર્કશોપ-શિબિરનું આયોજન.

૨. સંગઠનને વ્યાપક બનાવવા નવા **૨૫૧ સભ્યો** બનાવવા.

૩. જ્ઞાતિ કુટુંબો કુળદેવીની આસ્થામાં વધારો કરવા નવા **૨૫૧ તિથિદાન** નોંધવા.

૪. પુનિત સ્મારક નિધિ તેમજ બધા ંજ પ્રવર્તમાન ફંડો / ટ્રસ્ટોમાં વૃદ્ધિ તેમજ તેની ઉપજના ઉપયોગનું આયોજન.

૫. વિદ્યાનગર છાત્રાલયને પુનઃ ચાલુ કરવી.

૬. વેબસાઈટમાં પ્રત્યેક કુટુંબ / વ્યક્તિનું રજીસ્ટ્રેશન કરવું.

૭. વિભાગીય મંડળોની પ્રવૃત્તિઓનું એકબીજા સાથે સંકલન અને વિકાસ.

૮. જ્ઞાતિના દીકરા-દિકરીઓના લગ્ન વિષયક તથા વ્યવસાયલક્ષી પ્રશ્નોનું મૂલ્યાંકન અને ઉકેલ.

૯. શિસ્તબદ્ધ રીતે સાંસદીય પદ્ધતિએ મિટિંગોનું સંચાલન.

મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે નવી ટીમ મહામંડળ લક્ષ્ય સિદ્ધિ માટે સક્ષમ છે.

THINK BIG, DO BIG.

કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી આપણા સૌને તે માટે શક્તિ અને સામર્થ્ય આપે એવી પ્રાર્થના સહ,


- જયપ્રકાશ શુક્લના જયશ્રી કૃષ્ણ




Student Visa/PR

DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019

Reach us to Reach Abroad





શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ



SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877



# વાલમ બ્રાહ્મણ મહામંડળ ૬૦મું સંમેલન



## સ્વાગત પ્રમુખ
## શ્રી પ્રભાકરભાઈ ગણપતરામ ભટ્ટનું
## સ્વાગત ઉદ્‌બોધન

સુજ્ઞ જ્ઞાતિજનો,

ચરોતરના આંગણે મહામંડળના ૬૦માં અધિવેશન/સંમેલનમાં આપ સર્વેને આવકારતાં આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

શ્રી સંતરામ મહારાજની પવિત્ર ભૂમિ અને સાક્ષર નગરી નટપુર એટલે નડીયાદના આંગણે વિશાળ સંખ્યામાં પધારેલ જ્ઞાતિજનોને નિહાળી સંમેલન વાલમોત્સવ જેવું લાગે છે.

પરમ પૂજ્ય બ્રહ્માનંદ સ્વામી, પૂ. ફુલાશંકર મહારાજ તથા પૂ. દેવશંકર ભગત જેવા વાલમ સંતોની જન્મભૂમિ ચરોતરે જ્ઞાતિવિકાસમાં તેમજ છાત્રાલાય અને કુળદેવી મંદિરના નિર્માણમાં અગ્રેસર રહી સમાજને હર હંમેશ નવી દિશા ચીંધેલ છે.

મહામંડળની સ્થાપનાના અષ્ટ-દશાબ્દિ ૮૦માં વર્ષમાં ચરોતરના આંગણે મહામંડળનું અધિવેશન એક પુનિત અવસર છે. વિભાગીત મમત્વ છોડી સમત્વના સ્વીકારના ઉમદા પુનિત વિચારને અનુસરવાની મા વાઘેશ્વરી આપણને સૌને પ્રેરણા અને શક્તિ અર્પે એવી પુનિત પ્રાર્થના.

આપનો સહૃદયશ્રી,
**પ્રભાકર ગણપતરામ ભટ્ટ**
**સ્વાગત પ્રમુખ**


મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484


કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479
કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526
માતૃ ક્લિનીક
૨૪, સહજ રેસીડેન્સી, નિકોલ લેક ગાર્ડન પાસે, નિકોલ,અમદાવાદ
આરોગ્યમ્ હોસ્પિટલ
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ

રુદ્રાય હોસ્પિટલ
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક, દાસ ખમણની સામે, સાન્નિધ્યપાર્ક પાસે નિકોલ-નરોડા રોડ, નિકોલ

# વિદાય લેતા પ્રમુખશ્રી રશ્મિકાન્ત આચાર્યનું સંબોધન

સંબોધન : સ્ટેજ પર બેઠેલા તથા બીજા આવેલ સભ્યો તથા જ્ઞાતિજનો.



નવા વરાયેલ પ્રમુખને અભિનંદન તથા તેમના કાર્યકાળ દરમ્યાન મારો સંપૂર્ણ સહકારની ખાતરી.

મારા બે વર્ષ દરમ્યાન ખાસ કશું નવું નથી કરી શક્યો એ માટે દિલથી દિલગીરી વ્યક્ત કરું છું. બહાના બતાવવા એ મારી આદત નથી.

મારા કાર્યકાળમાં કેટલાંક કાર્યકરોનો મને ખૂબ સહકાર મળ્યો છે. તેમને આ સમયે યાદ ન કરું તો નગુણો કહેવાઉં. તેઓનું સન્માન મારે કરવું જ પડે. સૌથી પહેલા ખાસ પદાધિકારીઓમાં સૌથી વધારે અનુભવી એવા અપણા ઉપપ્રમુખ નવા વરાયેલ પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લ, મંત્રીશ્રી દિલીપભાઈ દીક્ષિત તથા ખજાનચીની સેવા આપતા એવા મારા પરમ મિત્ર ભરતભાઈ ભટ્ટ કે જેઓ અમારા માનવતા ચેરીટેબલ ટ્રસ્ટનું મંત્રીપદ ખૂબ સારી રીતે સંભાળે છે. આ સિવાય પણ આવી વિશેષ વ્યક્તિઓ છે જેનો આભાર માનું એટલો ઓછો છે. જેમની પાસે કાયદાનું જ્ઞાન તથા હિસાબોનો બહોળો અનુભવ છે એવા શ્રી યોગેશભાઈ પાઠક, આપણા હિસાબો ઓડિટ કરવા તથા ટેક્ષ ઓછામાં ઓછો કેવી રીતે થાય તેના માટે અથાગ પ્રયત્ન બિરદાવવો જ પડે. એ પછી ખજાનચીની ચાર થી પાંચ મહિનાની ગેરહાજરીમાં કશું બોલ્યા ચાલ્યા વગર એમની કામગીરી ઉપાડી લઈને સુપેરે પાર પાડી એવા શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય અને ધંધુકા વિભાગનો ટેલન્ટેડ દિકરો કિર્તન દીક્ષિત, પોલીસની નોકરી કરે, રાત્રે ભજન કિર્તન પણ કરે, વાલમ વર્તમાનપત્રનું તંત્રીપદ પણ સંભાળે તથા અમદાવાદ વાલમ યુવક મંડળનું મંત્રીપદ પણ સંભાળે અને અમારા માનવતા ચેરીટેબલ ટ્રસ્ટમાં મારા કામમાં ખાસ્સી એવી મદદ પણ કરે છે. અંતમાં આવનાર ટર્મ માટે નિષ્પક્ષ ચૂંટણી અધિકારીની ફરજ બજાવનાર ઉમેશભાઈ અધ્વર્યુને પણ ભૂલાય નહીં.

અંતે છેલ્લે મારા બે વર્ષના સમયગાળામાં થયેલ અનુભવો પરથી જે મને લાગ્યું છે તેના પરથી એક-બે સૂચનો પણ કરવા છે, જો બધાને યોગ્ય લાગે તો તેનો અમલ કરવા વિનંતી.

મેં જ્યારે ભારત છોડ્યું ત્યારે આપણા મહામંડળની કારોબારી તથા સંમેલનનો ખર્ચ મહામંડળ કરતું હતું. જો કે તે ખર્ચ પછી તેમાં હાજર રહેલા જ્ઞાતિજનો ઉપાડી જ લેતા હતા. તેથી વર્ષ દરમ્યાન કારોબારી પણ ઠીક ઠીક મળતી. જેથી મહામંડળના કામોને વેગ મળતો હતો. હાલ કારોબારી વિભાગવાર બોલાવવાનો આગ્રહ રખાય છે અને તેનો ખર્ચ પણ જે તે વિભાગ ઉપાડે તેવી આશા રખાય છે. જેથી રેગ્યુલર કારોબારીના જે સભ્યો ભેગા થઈને જે કામને વેગ આપવો જોઈએ તે આપી શકાતો નથી. જેમ કે ઉદાહરણ તરીકે છાત્રાલયના કાર્યમાં છેલ્લા છ વર્ષમાં કોઈ પ્રગતિ થઈ શકી નથી. આપણી મહામૂલી જમીન શ્રી દેવશંકર ભગત તથા શ્રી પુનિત મહારાજની ઇચ્છા અનુસાર ઉપયોગમાં આવી શકી નથી. અમારી ટીમ ત્યાં જઈને થોડું અધ્યયન કરીને થોડા સૂચનો તૈયાર કર્યા પરંતુ આઠ મહિના સુધી કારોબારીની મીટિંગ બોલાવી શકાઈ નથી અને કામ બાકી રહ્યું, તો આપ સહુને વિનંતી કે આ બાબતે વિચારીને સારી લાગે તો કારોબારીને દબાણ કરે.

બસ આ સાથે હું મારા શબ્દોને વિરામ આપીશ અને નવા વરાયેલ પ્રમુખને ખાતરી આપીશ કે હું નિવૃત્તિ પછી પણ આપને જે કોઈ સહકારની અપેક્ષા હશે તે પૂર્ણ કરવા ૧૦૦% પ્રયત્ન કરીશ. તેઓ ખૂબ જ કાર્યદક્ષ છે તેથી મને ખાતરી છે કે તેઓ કાર્યકાળ દરમ્યાન મહામંડળની પ્રગતિ થશે જ. તેમને મારા અભિનંદન.

અને આપ સૌ જ્ઞાતિજનોને મારામાં વિશ્વાસ રાખી મને પ્રમુખ બનાવ્યો પરંતુ જે આશાઓ પૂરી ન કરી શક્યો, તે માટે આપ સૌની ક્ષમાપ્રાર્થના સહ.

**વાઘેશ્વરી માતા કી જય. શ્રી પુનિત મહારાજની જય.**

# શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ ૬૦મું સંમેલન/સામન્ય સભા અહેવાલ

કુળદેવી શ્રી વાઘેશ્વરીમાતાજીની અસીમકૃપા સંતશ્રી પુનિત મહારાજના આશીર્વાદથી શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળનું ૬૦મું સંમેલન/સામાન્ય સભા ચરોતરક્ષેત્રના ઉપક્રમે તા. ૧૧-૦૧-૨૦૨૬, રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે આંબેડકર હોલ, કલેકટર બંગલાની બાજુમાં, પીજ રોડ, નડિયાદ ખાતે બોલાવવામાં આવેલ. ચરોતરના મૂકસેવક એવા સ્વ. હરિપ્રસાદ ગણપતરામ ગોર સભાખંડમાં સંમેલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સંમલેનમાં સવારે ૯.૦૦ વાગ્યેથી મહામંડળના હોદ્દેદારો તથા દૂરદૂરથી જ્ઞાતિજનોને આમંત્રણને માન આપી આગમન શરૂ થયેલ. સવારે ૯.૦૦ વાગ્યે આવેલ મહેમાન માટે ચા-પાણી, નાસ્તાની સુંદર વ્યવસ્થા કરેલ.

સવારે ૧૦.૦૦ વાગ્યે સંમેલન/સામાન્ય સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

મંચ ઉપર **પ્રમુખશ્રી રશ્મીકાંત આચાર્ય**, **ઉપપ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લ, મુખ્ય મહેમાનશ્રી કૌશિકભાઈ મહેતા, સ્વાગત પ્રમુખશ્રી પ્રભાકરભાઈ ભટ્ટ, અતિથિ વિશેષશ્રી દેવેન્દ્રભાઈ પુરાણી, નવી વેબસાઈટના પ્રયોજકશ્રી ચિન્મય વ્યાસ, સેવા મંડળ પ્રમુખશ્રી અનિલભાઈ પુરોહિત, વિદ્યોતેજક મંડળના ઉપપ્રમુખશ્રી મંદાબેન શુક્લ તથા ચરોતર યુવક મંડળના પ્રમુખશ્રી પૃથાબેન શુક્લ** ઉપસ્થિત થતા સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

સૌ પ્રથમ સરસ્વતી વંદના સાથે જ્ઞાતિ દિકરીઓ કુ. સુહાની શુક્લ, કુ. માહી જોષી, કુ. કેશવી શુક્લના સુમધુર સ્વરમાં પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ કુળદેવીશ્રી વાઘેશ્વરી માતાની તથા સંતશ્રી પુનિત મહારાજની જય બોલાવી વંદન કરી દિપપ્રાગટ્ય કર્યું, ત્યારે સભાખંડમાં આનંદમયી વાતાવરણ સર્જાયુ હતું. મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત, સેવામંડળ, વિદ્યોતજક મંડળ, યુવક મંડળના કાર્યકરો દ્વારા ગાયત્રી મંત્ર, વાઘેશ્વરી માતાજી અને સંતશ્રી પુનિત મહારાજના ફોટા સાથેના ખેસ તેમજ મોમેન્ટોથી કરવામાં આવ્યું.

ગત સંમેલન તા. ૨૪-૧૨-૨૦૨૩થી આજ સંમેલન સુધીમાં સ્વર્ગસ્થ થયેલ જ્ઞાતિજનો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. તેમાં ખાસ કરી મહામંડળના માજી મંત્રી **સ્વ. શ્રી કિરીટભાઈ ઉપાધ્યાય** તથા માજી ટ્રસ્ટી **સ્વ. શ્રી સુધાકરભાઈ ભટ્ટે** મહામડંળમાં સેવા કરી તેની નોંધ લઈ વિશેષ શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

આજની સભાના **સ્વાગત પ્રમુખશ્રી પ્રભાકરભાઈ ભટ્ટ જે ૯૨ વર્ષની ઉંમરે** પણ ઉત્સાહ યુવાનની જેમ સૌને શબ્દ પુષ્પથી આવકારી સ્વાગત કર્યું. તેમને બ્રાહ્મણ અને બ્રાહ્મણત્વનું મહત્ત્વ સમજાવ્યું. **મુખ્ય મહેમાનશ્રી ડૉ. કૌશિકભાઈ મહેતા**એ તેમના પ્રેરક પ્રવચનમાં હિન્દુત્વ ઉપર ભાર મૂક્યો. હિન્દુ સંસ્કૃતિ તથા બ્રાહ્મણત્વ ઉપર પ્રકાશ પાડી જણાવ્યું કે આપણું બ્રાહ્મણત્વ સચવાઈ રહેશે.

અતિથિ વિશેષ શ્રી દેવેન્દ્રભાઈ પુરાણી એ તેમના સંદેશામાં જ્ઞાતિના ઉત્થાન, પ્રગતિ અને એકતા અંગેની સમજણ આપી. ત્યારબાદ **દેશભક્તિ ગીત શ્રી અશ્વિનભાઈ પુરોહિતે** સુંદર સ્વરે રજૂ કર્યું.

મંચસ્થ મહાનુભાવો દ્વારા જ્ઞાતિની વિશેષ વ્યક્તિ જેઓ એ વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં **શ્રી આધ્યા હરેન્દ્ર ભટ્ટ, શ્રી ડૉ. હેમંતભાઈ પંડ્યા, શ્રી નિસર્ગ ઉપાધ્યાય, શ્રી પાર્થ પુરોહિત, શ્રી મનોજભાઈ જોશી, શ્રી પદ્મ પુરોહિત** વગેરેનું સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ મહામંડળના સંમેલનમાં હાજર **ભૂ.પ્રમુખ શ્રી ભાઈલાલભાઈ ભટ્ટ તથા મહેન્દ્રભાઈ મહેતા**નું સન્માન કરવામાં આવ્યું.

વેબસાઈટ લોકાર્પણમાં **શ્રી ચિન્મય વ્યાસ, શ્રી અપૂર્વ પંડ્યા, શ્રી હિમાંશુ પુરોહિત, શ્રી કિર્તન દીક્ષિત, શ્રી નિત્યમ**

**દીક્ષિત** તથા વેબસાઈટ વિષેની ઊંડાણપૂર્વકની માહિતિ આપવામાં આવી અને તેમાં જોડાવા માટે દરેક જ્ઞાતિજનો ને વિનંતી કરી.

ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન **શ્રી દિલીપભાઈ જોષી તથા શ્રી નિલેષભાઈ શુક્લ** દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ મહામંડળના મહામંત્રીશ્રી દિલીપભાઈ દીક્ષિત દ્વારા એજન્ડા મુજબની બાબતો રજૂ કરી સર્વાનુમતે મંજૂરી મેળવી.

**વિદાય થતા પ્રમુખશ્રી રશ્મીકાંતભાઈ આચાર્યે** તેમની બે વર્ષની કામગીરી જ્ઞાતિજન અને હોદ્દેદારોના સહકારથી થયેલ છે. નવા વરાયેલ પ્રમુખશ્રીને સાથ અને સહકારની ખાત્રી આપી. તેમના કાર્યકાળ દરમિયાન તેમને સાથ સહકાર આપનાર ઉપપ્રમુખ **શ્રી જયપ્રકાશ શુક્લ, ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પાઠક, વિરેન્દ્રભાઈ આચાર્ય, મંત્રીશ્રી દિલીપભાઈ દીક્ષિત, ખજાનચી શ્રી ભરત ભટ્ટ, તંત્રીશ્રી કિર્તન દીક્ષિત, ચૂંટણી અધિકારી શ્રી ઉમેશ અધ્વર્યુ**નો શાલ અને મોમેન્ટો અર્પણ કરી આભાર માન્યો.

**નવા વરાયેલા પ્રમુખશ્રી જયપ્રકાશ શુકલ**એ તેમના ઉદ્‌બોધનમાં મહામંડળના ઘણા પ્રશ્નો છે જે લાંબા સમયથી પૂર્ણ થયા નથી તેવા અધૂરા કામો બને તેટલી તીવ્રતાથી પૂર્ણ કરવાની તત્પરતા દર્શાવી. છાત્રાલય અને અન્ય પ્રશ્નોને પ્રાધાન્ય આપી તેને પૂર્ણ કરવાની ખાત્રી આપી. **નવા વરાયેલા પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લના ધર્મપત્નિ પ્રતિમાબેન શુક્લ**નું સન્માન કરવામાં આવ્યું.

**આભારવિધિ મહામંડળના ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ પાઠકે** કરી. સંમેલનની સુંદર વ્યવસ્થા કરવા બદલ આભાર માન્યો. **સફળ સંચાલન કરવા બદલ શ્રી દિલીપભાઈ જોષી તથા શિક્ષણ કમિટિના કન્વીનર શ્રી નિલેષભાઈ શુક્લ**ને અભિનંદન આપ્યા. સંમેલનમાં પધારવા બદલ મહામંડળના હોદ્દેદારો, જ્ઞાતિજનોનો આભાર માન્યો. સંમેલન તથા સામાન્ય સભાની પૂર્ણાહુતિ સમૂહમાં રાષ્ટ્રગાન કરી કરવામાં આવી.

ચરોતરક્ષેત્ર તરફથી કરેલ સુંદર ભોજન વ્યવસ્થામાં ભોજન કરી હર હર મહાદેવના નારા લગાવી સૌ આનંદિત વાતાવરણમાં છૂટા પડ્યા.

ઠરાવ - ૧ : ગત સંમેલન પછી દિવંગત થયેલ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

ઠરાવ - ૨ : ગત તા. ૨૪-૧૨-૨૦૨૩ના રોજ શ્રી વાઘેશ્વરી મંદિર, વલ્લભીપુર મુકામે મળેલ સામાન્ય સભાની પ્રોસીડિંગ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ઠરાવ - ૩ : વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના સમયમા મંત્રીશ્રીનો અહેવાલ જનરલ સભા સમક્ષ રજૂ કરતા સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઠરાવ - ૪ : ગત સામાન્ય સભા પછી કારોબારી સમિતિએ લીધેલ નિર્ણયોને બહાલી આપવામાં આવી.

ઠરાવ - ૫ : નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના ઓડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવ્યા.

ઠરાવ - ૬ : આગામી ટર્મ માટે પ્રમુખ તરીકે શ્રી જયપ્રકાશ ભાનુપ્રસાદ શુક્લના નામની દરખાસ્ત ચરોતર ક્ષેત્ર તરફથી શ્રી રાકેશભાઈ પુરોહિતે રજૂ કરેલ જેને ધંધુકા તરફથી શ્રી યોગેશભાઈ પાઠક, સોરઠ તરફથી શ્રી મનોજભાઈ જોષી તથા ચાર જથ્થા તરફથી શ્રી શૈલેષભાઈ વ્યાસે ટેકો આપેલ. આમ શ્રી જયપ્રકાશ શુક્લની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ.

ઠરાવ - ૭ : ટ્રસ્ટી મંડળ અને ચૂંટણી અધિકારીની નિમણુંક કરવાની સત્તા નવનિર્વાચીત કારોબારીને આપવામાં આવી.

ઠરાવ - ૮ : ચૂંટણી અધિકારી શ્રી ઉમેશભાઈ અધ્વર્યુએ નવનિર્વાચીત સમરસ / બિનહરિફ કારોબારી સભ્યોની વિભાગવાર પરિણામ યાદી જાહેર કરી તેને સ્વીકારવામાં આવી, તેમનો વિશેષ આભાર માનવામાં આવ્યો.

ઠરાવ - ૯ : મહામંડળની નવી વેબસાઈટ સ્વખર્ચે બનાવી આપી મહામંડળને અર્પણ કરવા બદલ પ્રો. શ્રી ચિન્મયભાઈ અતુલભાઈ વ્યાસનો હાર્દિક આભાર માનવામાં આવ્યો તથા વેબસાઈટનો સહર્ષ સ્વિકાર કરવામાં આવ્યો.

ઠરાવ - ૧૦ : ઓડિટર તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સરેમલ એન્ડ કં.ની નિમણુક કરવામાં આવી.

ઉપરોક્ત ઠરાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા. ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ પાઠક દ્વારા આભારદર્શન બાદ એજન્ડા પરની કાર્યવાહી પૂર્ણ થયેલ.


**-મંત્રીશ્રી, દિલીપ દીક્ષિત**

## જ્ઞાતિનું ગૌરવ



વાલમ બ્રાહ્મણ મહામંડળ ના પૂર્વ ટ્રસ્ટી, સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ ગોંડલ ના પૂર્વ પ્રમુખ સાણથલી પંડ્યા પરિવારના સ્વ.પ્રવિણભાઇ હરજીવનદાસ પંડ્યા (પૂર્વ આચાર્ય, ગવર્મેન્ટ સ્કૂલ) તથા હર્ષાબેન (પૂર્વ આચાર્યા, ગવર્મેન્ટ સ્કૂલ) ના પૌત્ર તથા શ્રી વિષ્ણુપ્રસાદ ભાનુપ્રસાદ ઉપાધ્યાય (સિવિલ એન્જિનિયર જિલ્લા પંચાયત) અને નયનાબેનના દોહિત્ર શ્રી અતુલભાઈ (ગવરમેન્ટ કોન્ટ્રાકટર, ભોલા ઇલેક્ટ્રિકલ,ગોંડલ) તથા ફોરમબેન (આચાર્યા,ગવર્મેન્ટ સ્કૂલ)ના સુપુત્ર **ચિ. ધનરાજ અતુલભાઈ પંડ્યા** બેંગલોર ખાતે એમ.એસ.આર.આઈ.ટી ખાતે કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ નો અભ્યાસ 9.3 CGPA સાથે પૂર્ણ કરી ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ના સેન્ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા નોર્થ ઇસ્ટર્ન યુનિવર્સિટી ખાતે MS માસ્ટર્સ કોમ્પ્યુટર સાયન્સ માં એડમિશન મેળવી ૦૫/૦૧/૨૦૨૬ ના રોજ પ્રસ્થાન કરેલ છે.વધુમાં કુલ ફીના 41%...જેટલી શિષ્યવૃતિ મેળવીને પરિવાર તથા સમાજ ને ગૌરવ અપાવેલ છે.આ ઉપરાંત બેંગલોર ખાતે તેમની સાથે ભણતા મિત્રો એ ભેગા મળી પોકેટમનીમાંથી બચાવેલ રકમ દ્વારા તા.૧૪/૧૨/૨૦૨૫ ના રોજ બિહાર ના દરભંગા ખાતે KDH મેટલ વર્ક્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી યંગ એન્ટરપ્રેન્યોર તરીકે સમાજ ને દાખલા રૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. બિહાર ના સમાચાર પત્રો તેમજ લોકલ ન્યૂઝ ચેનલો નોંધ લીધેલ છે.આ કંપની દ્વારા રોજગારની શોધ કરતા અન્ય નવ યુવકો ને પણ નજીવા રોકાણ સાથે રોજગારી પૂરી પાડી શકાય તેવું મોટા પાયા ઉપર કામ શરૂ કરેલ છે જે અત્યંત પ્રેરણાદાયી છે. ચિ.ધનરાજ ટેક્નૉલૉજીના ઉચ્ચ અભ્યાસની સાથો સાથ પોતાના આ બિઝનેસમાં પણ ખૂબ સફળ થાય તથા આપણા દેશ,સમાજ અને વાલમ બ્રાહ્મણ જ્ઞાતિને ખૂબ મદદરૂપ થાય તેવી માં વાઘેશ્વરી ના ચરણો માં પ્રાર્થના સાથે હાર્દિક અભિનંદન.

# મંત્રીશ્રીનો તા. ૨૪/૧૨/૨૦૨૩થી તા. ૧૦/૦૧/૨૦૨૬નો અહેવાલ



શ્રી વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના ઉત્થાન માટે પૂ.પૂ. સંતશિરોમણી શ્રી પુનિત મહારાજે સને ૧૯૪૫માં વાલમ બ્રાહ્મણ મહામંડળની સ્થાપના કરેલ. જે આજદિન સુધી સમગ્ર જ્ઞાતિના પરિવારના ચારેય ક્ષેત્રની (ચાર જથ્થા, સોરઠ, ધંધુકા, ચરોતર) એકતા જળવાઈ રહી છે. સાથે સાથે સમગ્ર જ્ઞાતિજનોના પરિવારોની સમૃદ્ધિમાં વિકાસ થઈ રહ્યો છે. આ ઉપરાંત દરેક ક્ષેત્રના વિભાગીય મંડળોએ પણ સેવાકીય પ્રવૃત્તિ તથા વ્યાપ વધારેલ છે.

હું મારા કાર્યકાળ દરમ્યાનની કામગીરીનો અહેવાલ રજૂ કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

**શ્રદ્ધા સુમન :**

જેઓ થકી તન, મન અને ધનથી યોગદાન આપી પ્રવર્તમાન પેઢીનો વિકાસ થયેલ છે, તેવા છેલ્લા બે વર્ષના ગાળામાં સ્વર્ગસ્થ થયેલ નામી-અનામી સ્વર્ગસ્થ જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલિ પાઠવું છું. તેમાંય મહામંડળના વિશેષ યોગદાન આપનાર સ્વ. શ્રી કિરીટભાઈ સી. ઉપાધ્યાય અને સ્વ. શ્રી સુધાકરભાઈ કે. ભટ્ટને મહામંડળ તરફથી વિશેષ શ્રદ્ધાંજલિ અર્પું છું.

**સભ્ય સંખ્યા :**

સમગ્ર જ્ઞાતિના અંદાજે ૩૩૫૦ કુટુંબો છે. જે પૈકી લગભગ ૯૦૦ ઉપરાંત કુટુંબો પરદેશમાં નિવાસ કરે છે. તા. ૩૦-૦૯-૨૦૨૫ના આખરે મહામંડળના આજીવન સભ્યશ્રીઓની સંખ્યા ૧૮૩૬ છે, જે વિગતે જોતા : ધંધુકા વિભાગ - ૪૯૨, ચાર જથ્થા - ૪૧૯, સોરઠ - ૪૯૫, ચરોતર - ૪૩૦.

વધુ આજદિન સુધીમાં નવા સભ્યો ઉમેરાયા પણ હોય તેમજ નામો કમી પણ કરવામાં આવેલ હોય. દરેક કારોબારી સભ્યોએ સભ્ય સંખ્યા વધારવા પ્રયત્નો કરવા જોઈએ.

**વ્યવસ્થાપન :**

ચારેય વિભાગોના ટ્રસ્ટી મંડળ, પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, ૩ સહમંત્રી, ખજાનચી, તંત્રી, ૪ સહતંત્રી તદ્ઉપરાંત મંદિર કમિટી, છાત્રાલય કમિટી, શિક્ષણ કમિટી, ઈવેન્ટ કમિટી અને વેબસાઈટ કમિટી જે તે ક્ષેત્રની પ્રવૃત્તિ અને વ્યવસ્થાપનનું સંચાલન કરે છે. ચુંટણી અધિકારી કારોબારીની ચુંટણી અંગે કામગીરીની ફરજ બજાવે છે.

**સંસ્થાકીય માળખું :**

(૧) કેન્દ્રિય કાર્યાલય : મહામંડળની પ્રવૃત્તિઓનું સંચાલન સંકલન ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારો દ્વારા કરવામાં આવે છે. જેમાં પ્રવર્તમાન ફંડો, ટ્રસ્ટોના હેતુની પ્રવૃત્તિ હિસાબો તૈયાર કરી ઓડિટ કરાવવા તથા ચેરીટીની લગતી બાબતોના કામનો સમાવેશ થાય છે. દર મહિને હોદ્દેદારોની મિટિંગ રાખવામાં આવે છે. મહામંડળનું કાર્યાલય સી-૮, પ્રાર્થના ફ્લેટ, ફતેહનગર, પાલડી, અમદાવાદ ખાતે છે. જે ફ્લેટ સ્વ. શ્રી કૃષ્ણકાંત રામચંદ્ર ભટ્ટ દ્વારા મહામંડળને અનુદાનમાં આપેલ છે. મહામંડળ પાસે આજ પર્યાપ્ત રૂ. ૧,૬૫,૦૦,૦૦૦/- (એક કરોડ પાંસઠ લાખ પૂરા) ફંડ/ટ્રસ્ટો પેકે છે. કાર્યાલય મંત્રી જયેશભાઈ મહેતા છે.

(૨) છાત્રાલય : શ્રી દેવશંકર પુરોહિતે દાનમાં આપેલ જમીન ઉપર વિદ્યાનગર ખાતે છોટાલાલ વ્યાસ છાત્રાલયનું નિર્માણ કરેલ છે. છાત્રાલય હોવું તે ગૌરવની વાત છે. પરંતુ હાલ જર્જરિત છે. પરંતુ મહામંડળના ખજાનચી શ્રી ભરત ભટ્ટે, છાત્રાલયની મુલાકાત લઈ તા. ૩૦-૧૧-૨૦૨૫, નડિયાદ મુકામે મળેલ કારોબારી મિટિંગમાં રૂ.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પૂરા)નું ભંડોળ ઉઘરાવવાનું / ફાળવવાનું સૂચન કરેલ છે. છાત્રાલય તા. ૦૧-૦૬-૨૦૨૬થી શરૂ કરવા

જઈ રહ્યા છીએ.

(૩) કુળદેવી મંદિર : મહામંડળના પૂજ્ય પ્રતિનિધિ સ્વ. શ્રી જમનાશંકરભાઈ મહેતા તેમજ જ્ઞાતિના સમગ્ર પરિવારોના પ્રયત્નો થકી વર્ષ ૨૦૦૪માં વલ્લભીપુર ખાતે કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીનું નવનિર્મિત મંદિર બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. દર આસો વદ ૮ ના દિવસે પાટોત્સવ હવન કરવામાં આવે છે. સાથે અન્નકુટ પણ માતાજીને ધરાવવામાં આવે છે. હવન બાદ ભોજન વ્યવસ્થા રાખવામાં આવે છે. માતાજીના પ્રાંગણમાં પુનિતેશ્વર મહાદેવની સ્થાપના કરવામાં આવી. જેમાં યોગદાન ધંધુકા વિભાગ તરફથી આપવામાં આવ્યું. હાલ મંદિરમાં માતાજીના ગર્ભગૃહ જવા માટે લિફ્ટની વ્યવસ્થા છે. જેમાં સ્વ. શ્રી જમનાશંકરભાઈ મહેતા પરિવાર તરફથી રૂ. ૭,૫૧,૦૦૦/-નું અનુદાન મળેલ છે. ૮ સી.સી.ટી.વી. કેમેરા લગાડેલ છે. મંદિરનો ધી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીનો રૂ. ૧,૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ પચ્ચીસ લાખ પૂરા)નો વીમો લીધેલ છે. મંદિર ઉપર શેડ નાંખી મંદિરની સુરક્ષા વધારેલ છે. નિયમિત રીતે માતાજીને થાળ ધરાવવામાં આવે છે. તિથિદાન માટે સહિયારા પ્રયત્નોની જરૂર છે. હાલ મંદિર કમિટીના કન્વીનર પદે શ્રી મહેશભાઈ દીક્ષીત તથા સહકન્વીનર તરીકે દિલીપ જે. દીક્ષિત, સહયોગી શ્રી પ્રમોદભાઈ આચાર્ય, પૂજારી શ્રી જનક વ્યાસ, મંદિર કમિટિના સભ્યો, હોદ્દેદારો, જ્ઞાતિજનોનો સાથ સહકાર મળે છે. પૂનમ ગ્રુપ નિયમિત રીતે પૂનમ ભરવા માટે કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરે આવે છે.

(૪) વાલમ વર્તમાન : દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થતું મુખપત્ર 'વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન' જ્ઞાતિની એકતા અને ઓળખનું પ્રતિક છે. મહામંડળના દરેક પ્રવૃત્તિઓની માહિતી વાલમ જ્ઞાતિ વર્તમાન દ્વારા સમગ્ર સભ્ય પરિવારોને પહોંચાડી જાગૃતતા લાવવાનું ઉમદા કાર્ય હાથ ધરાવમાં આવે છે. દેશ / પરદેશમાં વસતા દરેક સભ્યોને વાલમ વર્તમાન મોકલવામાં આવે છે તથા મેમ્બર કમિટી ગ્રૂપમાં વૉટ્સએપ દ્વારા પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. વાલમ વર્તમાન પ્રકાશન ખર્ચને પહોંચી વળવા સ્પોન્શરશીપ યોજના હાથ ધરેલ છે. તેનો સારો પ્રતિસાદ મળેલ છે. મહામંડળની આવકમાં વધારો થવા પામેલ છે. વાલમ વર્તમાન પ્રકાશિત કરવાની સઘળી કામગીરી / વ્યવસ્થા શ્રી કિર્તન દીક્ષિત-તંત્રી, કાર્યાલય મંત્રી જયેશભાઈ મહેતા, વિરેન્દ્રભાઈ આચાર્ય, જયેન્દ્રભાઈ આચાર્ય વિનોદભાઈ આચાર્ય સહકારથી સંભાળે છે. આ કાર્યમાં ઉપપ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લનું માર્ગદર્શન મળતું રહે છે. તંત્રીશ્રી કિર્તનભાઈ દીક્ષિત તથા સહકાર્યકરોના પ્રયત્નથી નવા રૂપ-રંગમાં વાલમ વર્તમાનનો બદલાવ લાવે છે. સમય માંગતી કાર્યવાહી કઠિન છે, પરંતુ તેઓ પૂર્ણ કરે છે. તમામ ટીમ, અભિનંદને પાત્ર છે.

(૫) કારોબારી બેઠક : સદર સમયગાળામાં ત્રણ કારોબારી બેઠક ત્રણ વિભાગના આમંત્રણને માન આપી અલગ અલગ સ્થળોએ બોલાવવામાં આવી. જેમાં કારોબારીના સભ્ય સંખ્યાને ધ્યાને લેતાં ૫૦% થી ઓછી હાજરી જોવા મળેલ છે. જે ખરેખર દુઃખદ બાબત ગણાય. સદર બેઠકોમાં ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવો મંજૂર કરવામાં આવેલ છે. સદર બેઠકોમાં જરૂરી વ્યવસ્થા તેમજ ભોજનના આયોજન સબબ મહામંડળના સર્વ વિભાગોનો આભાર વ્યક્ત કરું છું.

| બેઠકની તારીખ | સ્થળ | નિમંત્રક |
|---|---|---|
| તા. ૨૮-૦૧-૨૦૨૪ | મધુલતા હોલ, વાસણા, અમદાવાદ | ધંધુકા વિભાગ |
| તા. ૧૫-૧૨-૨૦૨૪ | વાઘેશ્વરી ધામ, ઓગણજ, અમદાવાદ | ચાર જથ્થા વિભાગ |
| તા. ૩૦-૧૧-૨૦૨૫ | કન્યા વ્યાયામ શાળા, પીજ રોડ, ભાગોળ, નડિયાદ | ચરોતર વિભાગ |

(૬) હિસાબો તથા ઓડિટ : વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫ના હિસાબો કારોબારીએ સર્વાનુમતે મંજૂર કરેલ છે. ઈન્કમટેક્ષ રીર્ટન નિયુક્ત ઓડિટર દ્વારા ફાઈલ કરવામાં આવેલ છે. ખજાનચી શ્રી ભરતભાઈ ભટ્ટ તથા સહકાર્યકરોને અભિનંદન પાઠવવામાં આવે છે. મહામંડળના ટ્રસ્ટી તથા ભૂ.પૂ. ખજાનચી શ્રી યોગેશભાઈ પાઠકના યોગદાન બદલ આભાર માનવામાં આવે છે. મહામંડળનું ઓડિટ સરેમલ એન્ડ કંપની દ્વારા કરવામાં આવેલ છે.

(૭) કારોબારી ચૂંટણી : ચાલુ સાલે પણ વિભાગે કારોબારી સભ્યોની ચૂંટણી સમરસ કરી મહામંડળના ચૂંટણીના ખર્ચ બચાવવા બદલ ચારેય વિભાગના ટ્રસ્ટીઓ તેમજ કાર્યકરોનો આભાર વ્યક્ત કરું છું. ચૂંટણીની વિકટ કામગીરી આગવી સૂઝબુઝતી સફળતાપૂર્વક પાર પાડવા બદલ ચૂંટણી અધિકારી શ્રી ઉમેશભાઈ અનંતરાય અધ્વર્યુ, ધંધુકાનો મહામંડળ આભાર વ્યક્ત કરે છે.

(૮) સેવાકીય પ્રવૃત્તિઓ : મહામંડળની સેવાકીય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને સહાય ઈનામ વિતરણ અત્યારે આ કાર્ય શિક્ષણ કમિટિના કન્વીનર શ્રી નિલેશભાઈ શુક્લ સુંદર રીતે કરે છે. નિરાધાર, અસહાય, જરૂરિયાતમંદ વિધવા બહેનોને સહાય, મેડિકલ સહાય વગેરે દ્વારા મહામંડળના ભંડોળને ધ્યાને રાખી સહાય રકમ આપવામાં આવે છે. ઉચ્ચ હોદ્દા ઉપર પહોંચેલ જ્ઞાતિજનનો સન્માન કરવાનો કાર્યક્રમ કરે છે. ચાલુ સાલે જ્ઞાતિના ૪૪ તેજસ્વી વિદ્યાર્થીઓ વચ્ચે રૂ. ૫૩,૫૦૦/- ના ઈનામ વિતરણ કરેલ છે. જ્ઞાતિની ૫૧ વિધવા બહેનોને પણ સહાય ચૂકવવામાં આવી છે.

(૯) મહામંડળ ટીમ વર્ક : મહામંડળના કાર્યકરોની ટીમની નિઃસ્વાર્થ કામગીરી અભિનંદને પાત્ર છે. મહામંડળના ટ્રસ્ટી શ્રી કૌશિકભાઈ અધ્વર્યું, શ્રી યોગેશભાઈ પાઠક, શ્રી દિલીપભાઈ જોષી, શ્રી શૈલેષભાઈ વ્યાસ, શ્રી ભાર્ગવભાઈ જોષીનો આભાર. અનુભવના આધારે મહામંડળની બધી પ્રવૃત્તિમાં સાથે રહી નેતૃત્વ પૂરું પાડવા બદલ પ્રમુખશ્રી રશ્મિકાંત આચાર્ય, ઉપપ્રમુખ શ્રી જયપ્રકાશભાઈ શુક્લ તથા ભુ.પૂ. પ્રમુખશ્રી બાલમુકુંદભાઈ આચાર્યનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. ખજાનચી શ્રી ભરતભાઈ ભટ્ટ, તંત્રીશ્રી કિર્તન દીક્ષિત, કાર્યાલય મંત્રીશ્રી જયેશભાઈ મહેતા, મહામંડળના કાર્યમાં એકબીજાને હરહંમેશ સાથ આપતા તે સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું. મંદિર કમિટીના કન્વીનર શ્રી મહેશભાઈ દીક્ષિત, શિક્ષણ કમિટીના કન્વીનર શ્રી નિલેષભાઈ શુક્લ, છાત્રાલય કમિટિના કન્વીનર શ્રી ભદ્રેશભાઈ પુરોહિત, વ્યવસ્થાપક છાત્રાલય શ્રી રાકેશભાઈ પુરોહિત, વેબસાઈટ કમિટી કન્વીનર શ્રી અપૂર્વ પંડ્યા પોતાની કામગીરી ખંત તથા નિષ્ઠાથી બજાવે છે તે બદલ તેમનો આભાર માનું છું.

મહામંડળના ભૂ.પુ. પ્રમુખશ્રીઓને વંદન કરું છું. હોદ્દેદાર કે કારોબારી સભ્ય ન હોવા છતાં કાર્યાલયે આવી વહીવટી કામમાં સાથ આપતા શ્રી વિનોદભાઈ આચાર્ય, શ્રી વિનયભાઈ દીક્ષિત તથા નામી-અનામીનો આભાર વ્યક્ત કરું છું.

જેના થકી મહામંડળના સુંદર કાર્યો થાય છે એવા સર્વે કારોબારી સભ્યો તથા આજીવન સભ્યોનો આભારી છું. આ બે વર્ષના સમયગાળામાં મારી વાણી-વર્તનથી જે કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરશો.

કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી તથા સંત પુનિત મહારાજના ચરણોમાં વંદન. તેમની કૃપા સદાય મહામંડળ અને જ્ઞાતિજનો પર ઉતરે તેવી પ્રાર્થના સહ. જય માં વાઘેશ્વરી.

**-દિલીપ જે દીક્ષિતના વંદન**

NISHIT BHATT (CONSULTANT ) +919537084441
NISHIT@FINTRUSTINVESTMENTS.IN
www.fintrustinvestments.in
FINTRUST
INVESTMENTS PVT LTD
- MUTUAL FUNDS
- SIP / STP / SWP
- PMS / AIF / SIF
- NRI INVESTMENTS
- STOCK BROKING / DEMAT
- BONDS / FIXED DEPOSIT
Address : B-308, Inceptum, Nr. Tranquil, Opp. Hotel Planet Landmrk, Iscon Ambli Road, Ambli, Ahmedabad-380058.


નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર
લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા,
કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ
**એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮**
જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૫૦૦૦/- તુષાર ચંદ્રવદન પંડ્યા, અન્ય ફંડ, સ્વ. રજત હિતેષ પંડ્યાનો ફોટો વલ્લભીપુર ખાતે મા વાઘેશ્વરી મંદીરના હોલમાં મૂકવા માટે, ૧૮૦૭૧

૧૦૧/- વ્રજ નિલેષ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૮૦૭૨

૧૧૦૦૦/- યોગેશભાઈ પ્રમોદરાય પાઠક, છાત્રાલય ફંડ, ૧૮૦૨૩

૫૦૦૦/- મનોજ જનાર્દનભાઈ જોશી, છાત્રાલય ફંડ, ૧૮૦૭૪

૧૮૦૭૫ - રદ બાતલ

૧૦૦૦/- અતુલભાઈ પંડ્યા, વા.વ. સહાય, ચિ. ધનરાજનીની વિગત વા.વ.માં છપાવવા માટે, ૧૮૦૭૬

૧૦૦૧/- ભૂમિકા શાસ્ત્રી, દેવાંગી પુરોહીત, સ્વ. જનાર્દન ભટ્ટના સ્મર્ણાર્થે છાત્રાલય ફંડ, ૧૮૦૭૭

૫૦૦/- જિગીષાબેન પ્રફુલચંદ પાઠક, વા.વ. સહાય, ચિ. શશાંકની વિગત વા.વ.માં છપાવવા માટે, ૧૮૦૭૮

૨૦૦૦/- એક જ્ઞાતિજન તરફથી, છાત્રાલય ફંડ, ૧૮૦૭૯

૫૦૦/- ભાવેષ વિનયચંદ્ર આચાર્ય, વા.વ. સહાય, વિ. આયુષને ચિ. જયની જનોઈ અને નવચંડીની વિગત વા.વ. માં છપાવવા માટે, ૧૮૦૮૦

૫૦૦/- નીતાબેન બીપીનભાઈ વ્યાસ, આજીવન સભ્ય (સોરઠ), ૧૮૦૮૧

૫૦૦/- દેવયાની યુ. પંડ્યા, આજીવન સભ્ય (સોરઠ), ૧૮૦૮૨

૫૦૦/- શોભનાબેન જીતેન્દ્રભાઈ પંડ્યા, આજીવન સભ્ય (સોરઠ), ૧૮૦૮૩

૫૦૦/- લવાડગામ ભટ્ટ પરિવાર હસ્તે ચિરાગ સુ. ભટ્ટ, વા.વ. સહાય, સામૂહિક કુળદેવી માતાજીના દર્શનનો ધાર્મિક પ્રવાસની વિગત વા.વ. માં છપાવવા, તા. ૧૮૦૮૪

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

૫૦૦/- સુલોચનાબેન બળદેવભાઈ વ્યાસ, અખંડ દિવા માટે, ૧૯૦૪

૫૦૦/- દિવ્યાંગભાઈ સુરેન્દ્રભાઈ મહેતા, કુળદેવી ભેટ, વિદેશયાત્રા નિમિત્તે ભેટ, ૧૯૦૫

૨૫૦/- જનકભાઈ ગુણવંતરાય ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૦૬

૧૦૦/- હર્ષદભાઈ પી. દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૦૭

૨૦૦/- તરૂણભાઈ જયંતભાઈ જોષી, કુળદેવી ભેટ, ૧૯૦૮

૧૦૦/- ભરત રમણીકલાલ ભટ્ટ, કુળદેવી ભેટ, ૧૯૦૯

૧૦૦/- ભરત રમણીકલાલ ભટ્ટ, પુનિતેશ્વર મહાદેવ. ૧૯૦૯

૧૦૦/- દર્શ નિશાંત આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૧૦

૧૦૦/- વેદિકા અમિત આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૧૧

૨૦૦/- વિજયભાઈ ભાષ્કરભાઈ જોશી, કુળદેવી ભેટ, ૧૯૧૨

૨૦૦/- રશ્મિકાંત કે. આચાર્ય, કુળદેવી ભેટ, ૧૯૧૩

૨૦૦/- પ્રમોદભાઈ એન. આચાર્ય, કુળદેવી ભેટ, જન્મદિવસ નિમિત્તે ભેટ, ૧૯૧૪

૨૫૦/- જાન્હવી ચિંતન ગોખલે, પુનિતેશ્વર મહાદેવ, ૧૯૧૫

૨૫૦/- મિસિકા મનિષભાઈ શુક્લ, કુળદેવી ભેટ, ૧૯૧૬

૨૫૦/- મિસિકા મનિષભાઈ શુક્લ, પુનિતેશ્વર મહાદેવ, ૧૯૧૬

૨૦૦/- યોગેશભાઈ પી. પાઠક, પુનિતેશ્વર મહાદેવ, ૧૯૧૭

૫૦૦/- શિવાંગ યોગેશભાઈ પાઠક, કુળદેવી ભેટ, ૧૯૧૮

૧૦૦/- સતિષભાઈ બી. દીક્ષિત, પુનિતેશ્વર મહાદેવ, ૧૯૧૯

૧૦૦/- નયનાબેન એમ. મહેતા, કુળદેવી ભેટ, ૧૯૨૦

૧૦૦૦/- મહેશ્વર સંજીવકુમાર જોષી, કુળદેવી ભેટ, ૧૯૨૧

૧૧૧૦/- અરૂણભાઈ પુરોહિત, કુળદેવી ભેટ, ૧૯૨૨

૧૦૦/- મિહીર મહેશભાઈ દીક્ષિત, કુળદેવી ભેટ, ૧૯૨૩

૧૦૦/- મિહીર મહેશભાઈ દીક્ષિત, પુનિતેશ્વર મહાદેવ, ૧૯૨૫

# તિથિદાન

## મહા સુદ ૧૪ થી ફાગણ સુદ ૧૩ (તા. ૧૧-૦૨-૨૦૨૬ થી ૧૦-૦૩-૨૦૨૬) સુધી

## સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

**મહા સુદ ૧૪**

બાબુભાઈ (પ્રવિણભાઈ) રામચંદ્ર ભટ્ટ
રવિશંકર કાશીરામ ગોર
માણેકલાલ કરૂણાશંકર આચાર્ય
કેશવલાલ ફુલશંકર વ્યાસ

**મહા સુદ પૂનમ**

દેવેન્દ્ર હરિદત્ત ઉપાધ્યાય
વ્રજલાલ અમ્રૃતલાલ અધ્વર્યુ
રજનીકાંત પરમાનંદદાસ અધ્વર્યુ
અન્નપૂર્ણાબેન માણેકલાલ મહેતા
પરમાનંદદાસ ધનેશ્વર મહેતા
સપનાબેન પ્રવિણચંદ્ર પુરોહિત

**મહા વદ ૧**

જ્યોતિકુમાર નૌતમલાલ જોષી
શંકરલાલ જેઠાલાલ આચાર્ય
રસીકલાલ રામજીભાઈ જોષી
બીનાબેન રાજેન્દ્રભાઈ પુરોહિત
વૈશાલીબેન હેમંતભાઈ પુરોહિત
લીલાવતીબેન વિનાયકરાવ ભટ્ટ

**મહા વદ ૨**

સમજુબેન રતિલાલ આચાર્ય
દયાબેન છોટાલાલ મહેતા
વિપુલ નવિનચંદ્ર મહેતા
દમયંતીબેન ભાસ્કરભાઈ ઠાકર
મનહરબાળા તનસુખરામ આચાર્ય
પરસોત્તમદાસ મોહનલાલ મહેતા

**મહા વદ ૩**

લલીતાબેન માણેકલાલ મહેતા
અશોકકુમાર મૂળશંકર આચાર્ય
કમળાબેન મોહનલાલ દિક્ષીત
કંકુબેન કાળીદાસભાઈ ભટ્ટ

**મહા વદ ૫**

ચંદનબેન ઉમિયાશંકર શુકલ
લજ્જાશંકર શિવશંકર અધ્વર્યુ
પ્રમોદભાઈ જગજીવનદાસ ભટ્ટ

**મહા વદ ૬**

નટવરલાલ નાગરદાસ ભટ્ટ
પ્રાગજીભાઈ ભીમજીભાઈ રાવલ

**મહા વદ ૭**

મહેશભાઈ વિશ્વનાથ અધ્વર્યુ
જસુમતીબેન ગાયત્રીપ્રસાદ આચાર્ય

**મહા વદ ૮**

પાર્થિવભાઈ ડાહ્યાલાલ વ્યાસ
શંભુપ્રસાદ રાજારામ ભટ્ટ

**મહા વદ ૯**

વિષ્ણુભાઈ જયંતિલાલ પાઠક
વિદ્યાબેન ફુલશંકર મહેતા
રતિદેવ વેણીશંકર આચાર્ય
જશુમતિબેન ઈન્દુપ્રસાદ દિક્ષીત

**મહા વદ ૧૦**

શાંતિલાલ શીવશંકર ઉપાધ્યાય

**મહા વદ ૧૧**

લાભશંકર જેશંકર મહેતા
ઉર્મિલાબેન હરીકૃષ્ણ દિક્ષીત
મહેશભાઈ રતિલાલ વ્યાસ
જનાર્દન રવિશંકર દીક્ષિત
નરેન્દ્રભાઈ મંગળરામ મહેતા

**મહા વદ ૧૨**

મહાલક્ષ્મીબેન મણીશંકર ઉપાધ્યાય
શંકરલાલ લલ્લુભાઈ મહેતા

**મહા વદ ૧૩ (શિવરાત્રી)**

કમળાબેન (મણીશંકર પ્રભાશંકર ભટ્ટની દીકરી)
મંગળરામ રવીશંકર મહેતા
લાડકીબેન ત્રિભોવનદાસ ઉપાધ્યાય
ભારતીબેન પ્રફુલચંદ્ર ભટ્ટ
યોગેન્દ્રકુમાર વિનાયકરાવ ભટ્ટ
રક્ષાબેન પિયુષકુમાર ભટ્ટ
ઉદયશંકર હરીશંકર જોષી
નરેન્દ્રભાઈ બળવંતરાય અધ્વર્યુ

**મહા વદ ૧૪**

પ્રવિણભાઈ અંબાલાલ વ્યાસ
ધનલક્ષ્મી કનકરાય ઉપાધ્યાય

**મહા વદ અમાસ**

રવિશંકર શામળદાસ મહેતા
મુકુંદભાઈ ફુલશંકર ભટ્ટ
શાંતાબેન જમનાશંકર પાઠક
પોપટલાલ શિવશંકર ઉપાધ્યાય
છોટાલાલ પોપટલાલ ભટ્ટ

**ફાગણ સુદ ૧**

ફુલશંકર જગજીવનદાસ મહેતા

**ફાગણ સુદ ૨**
દશરથલાલ હરગોવિંદદાસ દિક્ષીત

**ફાગણ સુદ ૩**
રતિલાલ ગંગારામ ઉપાધ્યાય
શાંતાબેન મંગળરામ મહેતા
વિરેન્દ્રભાઈ નટવરલાલ પંડ્યા
જનાર્દનભાઈ શાંતિલાલ જોષી

**ફાગણ સુદ ૪**
પુંજાલાલ ઈચ્છારામ પુરાણી
ચંપકલાલ આર. ભટ્ટ
ધીરજલાલ ભાનુપ્રસાદ વ્યાસ
ઘનશ્યામભાઈ હરિલાલ વ્યાસ
ભાવિન મહેશકુમાર વ્યાસ

**ફાગણ સુદ ૫**
ડાહ્યાલાલ જી. વ્યાસ
કંચનબેન રામચંદ્ર દિક્ષીત

**ફાગણ સુદ ૬**
વિભાબેન મહેશદત્ત ગોર

**ફાગણ સુદ ૭**
કરશનજી મનોરદાસ મહેતા
સરલાબેન હરીશભાઈ ઉપાધ્યાય
પરમાનંદભાઈ અંબાશંકર આચાર્ય

**ફાગણ સુદ ૮**
ડાહ્યાલાલ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય
સુમિત્રાબેન હરિશંકર પંડ્યા
ગીતાબેન મહેશભાઈ પંડ્યા
સુશીલાબેન શાંતિલાલ દીક્ષિત

**ફાગણ સુદ ૯**
સોમેશ્વર મથુરભાઈ ઉપાધ્યાય
શાંતિલાલ ભાઈશંકર પંડ્યા
ભાનુપ્રસાદ પ્રભાશંકર શુકલ

**ફાગણ સુદ ૧૦**
વિનાયકરાવ ઉમિયાશંકર ભટ્ટ
સુરેન્દ્રભાઈ ભગવાનદાસ મહેતા
સાવિત્રીબેન નરહરીભાઈ વ્યાસ

**ફાગણ સુદ ૧૧**
લક્ષ્મીકાંત હિંમતલાલ શુકલ
નવીનચંદ્ર સોમનાથ ભટ્ટ

**ફાગણ સુદ ૧૨**
ભાઈશંકર શામળજી પંડ્યા
શાંતાબેન નટવરલાલ પુરોહિત
શાંતાબેન જયંતિલાલ મહેતા

**ફાગણ સુદ ૧૩**
હરિકૃષ્ણ પ્રભાશંકર દિક્ષીત
શાંતાબેન અમરચંદ ઝવેરી
જાગૃતિબેન રાજેન્દ્ર ઉપાધ્યાય

## જન્મદિન શુભેચ્છા

૧૫/૨ કુંદનબેન પરમાનંદ મહેતા
૧૬/૨ તનીષા મિહીરભાઈ દીક્ષિત
૨૬/૨ જસુબેન રામનારાયણ જોષી
૧૧/૩ હીનાબેન જીજ્ઞેશભાઈ દીક્ષિત

## લગ્નદિવસ શુભેચ્છા

૧૯/૦૨ મીત નરેન્દ્રભાઈ મહેતા - નિલમ મીત મહેતા
૨૧/૦૨ વસંતભાઈ રામચંદ્ર દીક્ષિત - શકુંતલાબેન વસંતભાઈ દીક્ષિત
૨૩/૦૨ વિનોદચંદ્ર કૃષ્ણરામ વ્યાસ- અનસૂયાબેન વિનોદચંદ્ર વ્યાસ

INRM
SYNERGY
*We Make Things Possible*

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## જન્મ વધામણાં

વસો હાલ યુકેના અ.સૌ. ભૂમિ અને શ્રી નિસર્ગ સતિષભાઈ વ્યાસ ને ત્યાં લક્ષ્મી રૂપેણ સુપુત્રી **ચિ. વ્યાના** નો જન્મ થયેલ છે. માતા પિતા, દાદી રેખાબેન તથા પરિવાર ને પુત્રી જન્મના વધામણાં.

---

ભાવેશ વિનાયચંદ્ર મેહતા અને શ્રદ્ધા ભાવેશ મેહતા ના સુપુત્રો **ચિ. આયુષ** અને **ચિ. જય** ના યજ્ઞોપવિત સંસ્કાર તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ કરમસદ ખાતે ધામધૂમ થી યોજાઈ ગયા. આ પ્રસંગે નવચંડી યજ્ઞ નું પણ સુંદર આયોજન કર્યુ હતું.

---

## જ્ઞાતિ નું ગૌરવ



ધંધુકા નિવાસી શ્રી ડેની ગિરીશચંદ્ર પાઠક ને હોમગાર્ડ પ્લાટૂન કમાન્ડર તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ ૭૭ માં પ્રજાસત્તાક પર્વે મકરબા પોલીસ હેડક્વાર્ટર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ના હસ્તે મુખ્યમંત્રી પદક દ્વારા નવાજવામાં આવ્યા.સમગ્ર વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વતી હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ...




રાઈઝિંગ સ્ટાર ૧૧ ટીમ નો VBPL સીઝન ૧૧ માં ભવ્યાતિભવ્ય વિજય.


---

## કુળદેવી માં વાઘેશ્વરી ની પગપાળા યાત્રા



આપણી જ્ઞાતિના શ્રી દિવ્યેશભાઈ દિપકભાઈ અધ્વર્યુ તેમના ધર્મપત્ની ભૂમિબેન સાથે તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ અમદાવાદ થી પગપાળા વલ્લભીપુર ગયેલ તથા સમગ્ર જ્ઞાતિ વતી ધ્વજાજી અર્પણ કરેલ.આ પ્રસંગે પગપાળા જતા પૂર્વે મહામંડળ તરફથી ટ્રસ્ટી શ્રી કૌશિકભાઈ અધ્વર્યુ,ખજાનચી શ્રી ભરત ભટ્ટ,તંત્રી શ્રી કીર્તન દીક્ષિત તથા કારોબારી સભ્યો શ્રી ઉમેશભાઈ અધ્વર્યુ તથા વિનોદભાઈ આચાર્ય ઉપસ્થિત રહી તેઓનું સન્માન કરી વિદાય આપેલ.અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી દિવ્યેશભાઈ ચાર વર્ષ થી પગપાળા આ રીતે યાત્રા કરી રહ્યા છે જે અન્ય યુવાનો માટે પણ પ્રેરણાદાયી છે.

---



**પુનિત પ્રેમી વાલમ વડિલની ચિરવિદાય, ભાવનગર નિવાસી સ્વ. કૃષ્ણકાંત કાંતિલાલ ભટ્ટનું તા.૨૧-૦૧-૨૦૨૬**ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહામંડળના પ્રથમથી થયેલ અત્યાર સુધીના તમામ અધિવેશનોની તવારીખ તેઓશ્રીએ સાચવી રાખેલ, તેમજ કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી તથા સંત શ્રી પુનિત મહારાજના પોકેટ ફોટોગ્રાફ્સ જ્ઞાતિના ઘરે ઘરે પોતાના સ્વખર્ચે પહોંચાડવાનો પ્રયત્ન કરેલ. વાલમ બ્રાહ્મણ મહામંડળ સદ્‌ગતને પરમાત્મા ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ પાઠવે છે.

## મહામંડળના ૬૦મા અધિવેશન પ્રસંગે સન્માનિત વિશિષ્ટ વ્યક્તિત્વ



બ્રહ્મજ્ઞાની વિશુદ્ધ મહારાજ - ભાગવત મર્મજ્ઞ
બ્રહ્મજ્ઞાની આનંદ મહારાજ - સંગીતજ્ઞ કર્મ કાંડ વિશારદ
બ્રહ્મજ્ઞાની સરસ્વતી મહારાજ - સંગીતજ્ઞ જ્યોતિષાચાર્ય
બ્રહ્મજ્ઞાની ગોપાલ મહારાજ - વેદ મૂર્તિ વેદાચાર્ય (બનારસ)



### યજ્ઞેશ ભરતભાઈ શુક્લ (ધંધુકા)

ધંધુકા નગરપાલિકાની ચુંટણી માં ભાજપ ની ટિકિટ પર ચૂંટાયેલ છે, તે બદલ તેમને અભિનંદન સહ શુભકામના. આગળ પણ તેઓની કારકિર્દી યશસ્વી બને તેવી કુળદેવી માં વાઘેશ્વરી તથા સંત શ્રી પુનિત મહારાજને પ્રાર્થના. ઉલ્લેખનીય છે કે તેમના પિતા સ્વ. ભરતભાઈ શુક્લ પણ ધંધુકા નગરપાલિકામાં ચુંટાયા હતા.

### કાર્તિક પ્રફુલ્લભાઈ ભટ્ટ



- જ્ઞાતિના ચેરિટી કમિશનર ની ઓફિસ ના કામોમાં હર હંમેશ માર્ગદર્શક
- ચેરિટી કમિશનર ની કચેરી મા કાયદા અધિકારી.
- ૨૦૦૨થી, ચેરિટી કમિશનર, ગુજરાત રાજ્યના કાયદા અધિકારી તરીકે ચેરિટી કમિશનર ના કેસ સંદર્ભ મા ગુજરાત રાજ્ય ની નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, હાઈકોર્ટ વગેરે કામગીરી કરે છે.

---



### અભિનંદન અને ગૌરવની ક્ષણ

આપણા સમાજના તેજસ્વી રત્ન શશાંક પુરોહિતને યુએસ એરફોર્સ (US Airforce) માં એરમેન (Airman) નો રેન્ક પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન! શશાંક, જેઓ શ્રી પ્રફુલ્લચંદ્ર રેવાશંકર પાઠકના દોહિત્ર અને શ્રીમતી ફાલ્ગુનીબેન તથા શ્રી અરુણભાઈ પુરોહિતના સુપુત્ર છે, તેમણે પોતાની આ અસાધારણ સિદ્ધિ દ્વારા પરિવારનું ગૌરવ એક નવા જ સ્તરે પહોંચાડ્યું છે. આ આંતરરાષ્ટ્રીય સફળતા બદલ સમગ્ર પરિવાર અને સમાજ તેમના પર ગર્વ અનુભવે છે. તેમની આ સફર અને મહેનત આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે. તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ!

## પ્રજાસત્તાક પર્વની ઉજવણી




વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ, રાજકોટ દ્વારા  તારીખ ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૯:૩૦ કલાકે માતુશ્રી મુક્તાબેન વામનભાઇ વ્યાસ કોમ્યુનિટી સેન્ટર - રાજકોટ ખાતે ધ્વજવંદન તેમજ "જરા યાદ કરો કુરબાની" શીર્ષક હેઠળ દેશભક્તિના ગીતોના સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌપ્રથમ સવારે ૯:૩૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું. જ્ઞાતિના પ્રમુખ શ્રી નયનભાઈ કે. પાણેરીએ ૭૭ માં પ્રજાસત્તાક પર્વની સહુને શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ જ્ઞાતિના કલાકારોએ કરાઓકે ટ્રેક પર દેશભક્તિનાં સુંદર ગીતો પ્રસ્તુત કર્યા હતા.   અલ્પાહાર લઈ સહુ પ્રજાસત્તાક પર્વની લાગણીસભર ઉજવણીના આનંદ સાથે છૂટાં પડ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ચેતનાબેન પાણેરી એ કરેલ.

- અશોક પાણેરી, રાજકોટ

---

## પરિવારનો ધાર્મિક પ્રવાસ



વાલમ બ્રાહ્મણ પરિવારના દશકોશી વિભાગના લવાડ ગામના ભદ્રકાળી ભટ્ટ પરિવારના બાળકો , યુવાનો , વડીલોએ સાથે રહીને પાવાગઢ કુળદેવી ભદ્રકાળી માતા, મહાકાળી માતા તેમજ ડાકોર શ્રી રણછોડજી અને લક્ષ્મીજીના દર્શન કર્યા. આ પ્રવાસ માત્ર પર્યટન નહી પણ કૌટુંબિક અને સામાજિક ભાવનાઓનું પ્રમાણ છે. આપણા વાલમ બ્રાહ્મણ સમાજના દરેક ગામ - કુટુંબે આવા કાર્યક્રમ કરીને આપણા જ સમાજને હકારાત્મક સંદેશ આપવો જોઈએ. સંયુક્ત કુટુંબ એ સંયુક્ત રાષ્ટ્ર સમાન છે. વાલમ બ્રાહ્મણના દશકોશી વિભાગના લવાડ ગામના ભદ્રકાળી ભટ્ટ કુટુંબને અભિનંદન સહ શુભકામનાઓ.

- ડૉ. હેમંતકુમાર એસ. પંડ્યા, સક્રિય કાર્યકર, દશકોશી વાલમ બ્રાહ્મણ પ્રગતિ મંડળ

---

## અભિનંદન સહ શુભેચ્છા...



આપણી જ્ઞાતિ ના સ્વ. કૃષ્ણકાંત નર્મદાશંકર દીક્ષિત તથા સ્વ.મધુકાંતાબેનના સુપુત્રી જાગૃતિબેન તથા રાકેશકુમાર દેસાઈના સુપુત્ર **ચિ.જયદેવ** ડિપ્લોમા એન્જિનિયરિંગ ઓટોમેશન એન્ડ રોબોટિક્સમાં ગુજરાત ટૅક્નૉલૉજિકલ યુનિવર્સિટીના ૧૫માં પદવીદાન સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે. ચિ.જયદેવની આ સિદ્ધિ બદલ સમગ્ર પરિવાર તથા વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગૌરવની લાગણી અનુભવે છે. ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના સહ હાર્દિક અભિનંદન.

# પ્રમુખશ્રી દ્વારા સેવાકિય સન્માન



ખજાનચીશ્રી ભરત ભટ્ટ



ચૂંટણી અધિકારી શ્રી ઉમેશભાઈ અનંતરાય અધ્વર્યુ



કાર્યકારી ખજાનચી શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય



મંત્રીશ્રી દિલીપભાઈ જગન્નાથભાઈ દીક્ષિત



તંત્રીશ્રી કીર્તન દીક્ષિત



ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ પ્રમોદરાય પાઠક

## ૬૦મા અધિવેશન પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો





R.N.I. No. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid Up to 31-12-2026
Permitted to Post at Ahmedabad unaccountable L1 on 5th of every month.




## મૂક સેવક આદરણીય હરિપ્રસાદ ગણપતરામ ગોર

આફ્રિકાથી ૧૯૭૮માં વતન વસોમાં પાછા આવી શેષજીવન સમાજ સેવા માટે સમર્પિત કરનાર સ્વ. હરિપ્રસાદ ગોરની સેવાકીય પ્રવૃત્તિઓની સુવાસ વસો ગામના ખૂણે ખૂણે ફેલાયેલ છે. જરૂરિયાતમંદોને ભોજન અને મેડિકલ સહાય તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર હતું. સેવામંડળના વાલમ હૉલના ડોનેશન માટે તેઓએ પોતાના ખર્ચે યુ.કે., અમેરિકા અને કૅનેડાનો પ્રવાસ કરેલ અને જ્ઞાતિના ઘરે ઘરે સંપર્ક કરેલ. પક્ષીઓ માટે ચણ અને કૂતરાઓને દરરોજ રોટલા બનાવી ખવડાવવા એ એમની રોજનીશી હતી. ખાસ કરીને વિધવા બહેનોને સહાય તથા યાત્રા કરાવવા જેવા સેવાકીય કાર્યોમાં તેઓ અગ્રેસર હતા. ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી સહાય થકી કેટલાય કુટુંબોને સમૃદ્ધ કરવામાં તેમનો નોંધનીય ફાળો છે. આઝાદીની ચળવળમાં જોડાયાબાદ આજીવન ખાદી પહેરનાર હરિપ્રસાદ ગોર સન્માન કે ફુલહાર ક્યારેય સ્વીકારતા ન હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મહામંડળના ૬૦મા અધિવેશનના સભાખંડને **"મૂકસેવક શ્રી હરિપ્રસાદ ગણપતરામ ગોર સભાખંડ"** નામ આપી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ. આવા સેવાનાં ભેખધારી સ્વ. હરિપ્રસાદ ગોરને શત્ શત્ નમન.

## નૂતન વેબસાઈટ નું લોકાર્પણ...



વાલમ કુળ ઉદ્ધારક પ્રાત: સ્મરણિય પુણ્યશ્લોક સંત શ્રી પુનિત મહારાજ સંસ્થાપિત આપણું આ વાલમ બ્રાહ્મણ મહામંડળ 81 વર્ષ નું થયું. નડિયાદ મુકામે ૬૦ મુ અધિવેશન ખરેખર અધિવેશન હોય તેવા ગરિમા પૂર્ણ વાતાવરણમાં યોજાયું.વિદાય લેતા પ્રમુખશ્રી અને નવા વરાયેલ પ્રમુખશ્રી ના હાથે  ઘણા વખત થી અટકેલ વેબસાઈટ નું લોકાર્પણ કરવામાં આવ્યું.જ્ઞાતિના યુવાન પોફેસર ભાવનગર નિવાસી શ્રી ચિન્મયભાઈ વ્યાસે પોતાના Ph.D. પ્રોગ્રામ ની વ્યસ્તતા વચ્ચે સરકારી નોકરી તેમજ કુટુંબની અનેક જવાબદારીઓ સાથે ખૂબ ટૂંકા ગાળામાં મંડળ ની જરૂરિયાત મુજબ વેબસાઈટ તદ્દન નિ:શુલ્ક બનાવી આપી. પોતાના દાદા **સ્વ.શ્રી મનુભાઈ વ્યાસ** તથા નાના **સ્વ. શ્રી જનાર્દનભાઈ જયશંકર ભટ્ટ** જે બન્ને ભાવનગર ખાતે ચાલતા પુનિત વાલમ બ્રાહ્મણ મંડળ ના પાયાના કાર્યકર તથા મહામંડળ ની અનેક વિધ પ્રવૃતિઓમાં કાયમ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યોગદાન આપનાર હતા તેમને સાચા અર્થમાં ચિન્મયભાઈ એ શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ છે. લોકાર્પણ પ્રસંગે વેબસાઈટ કમિટી ના કન્વિનર શ્રી અપૂર્વ પંડ્યા,હિમાંશુભાઈ પંડ્યા, નિત્યમ દીક્ષિત, જય જોશી,રાકેશ પુરોહિત વગેરે ઉપસ્થિત રહેલ.સર્વે જ્ઞાતિજન આ વેબસાઈટ માં સત્વરે  જોડાય તેવી નમ્ર અપીલ છે.

**રજીસ્ટ્રેશન માટે સ્કેન કરો**
**http://Valamsamaj.org/register.php**

Printed and Published by **DIXIT KIRTAN RAJENDRA** on behalf of **VALAM BRAHMAN MAHAMANDAL** and printed at GAYATRI MUNDRANALAYA, 10, L. B. Estate, Opp. Ajmeri Estate, Dhobhi Ghat, Dudheshwar, Ahmedabad - 380001 and published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad - 380007.
**Editor : DIXIT KIRTAN RAJENDRA**

**ખાસ નોંધ : મુખપત્રમાં કોઈપણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી**